<u>આંક–૧ હેઠળ હુકમ....</u>

આજરોજ સદર કામ નામદાર ગુજરાત લીગલ સ્ટેટ ઓથોરીટી, અમદાવાદના પત્ર ક્રમાંક નં. જી.એસએલએસએ/૧૦૩૬/૨૦૧૯, તા.૩૦–૦૫–૧૯ ના તેમજ મહે. પ્રિન્સી. ડી. કોર્ટના જાવક નં.૭૧૯/૧૯, તા.૩૦–૦૫–૧૯ ના પત્ર અન્વયે આજરોજ સ્પેશ્યલ સીટીગમાં કામ રાખવામાં આવેલ છે. હાલના કામે આજરોજ કેસ કાગળો વંચાણે લેતા સદર કામની ખાનગી ફોજદારી ફરીયાદ દાખલ થવાથી રેકર્ડ વંચાણે લેતા હાલનું કામ ઘણાં લાંબા સમયથી આરોપી ઉપર સમન્સ/નોટીસ/વોરંટ /સરનામા અંગે ચાલી આવેલ છે. ફરીયાદપક્ષ તરફે આરોપી ઉપર સમન્સ/ નોટીસ / વોરંટની બજવણી ધોરણસર કરાવવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આરોપીનું કોઈ નવુ સરનામું રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ આરોપીનું સમન્સ/નોટીસ /વોરંટ/સરનામું રજુ રાખવામાં નિષ્ફળ નિવડેલ હોય. આમ રેકર્ડ પરની ફરીયાદપક્ષની વર્તણૂંક ધ્યાને લેતા તેઓને હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું જણાય આવતુ હોય. વધુમાં **ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦** ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયી નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

<u>:: આ ખ રી હુ ક મ ::</u>

ફરીયાદીની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીગમાં જાહેર કર્યો.

રાજકોટ
તા.૧૩/૦૭/૨૦૧૯

(આર. બી. ગઢવી)
૦૯માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
રાજકોટ
(<u>UIC-GJ-01067</u>)